# દરેક હાથને કામ આપો
# કામનું પૂરુ વળતર આપો

રોજગારીની ખાતરી આપતો કાયદો ભારત દેશની અંદર લાગુ પાડવામાં આવેલ છે. આ કાયદામાં મુખ્યત્વે એક કુટુંબમાંથી એક વ્યકિતને ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવશે. આ કાયદાનું મૂળ નામ છે, "રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ખાત્રી ધારો-૨૦૦૫" એટલે કે ગ્રામિણ વિસ્તારમાં વસતા તમામ નાગરીકને અધિકાર પ્રાપ્ત થાય છે. આખા દેશમાં ૨૦૦ જિલ્લામાં આ કાયદો લાગુ પાડેલ છે. આપણા ગુજરાતમાં ૬ જિલ્લામાં આ કાયદો લાગુ પડ્યો છે.

## રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ખાત્રી ધારો-૨૦૦૫

**હેતુ :-**

ભારત દેશના ગામડામાં વસતા કુટુંબો જેમા એક કુટુંબમાંથી ૧ વ્યકિતને ૧૦૦ દિવસની રોજગારી પુરી પાડવી અને રોજગારી ના મળે તો બેરોજગાર ભથ્થું મેળવવું

**કાયદો કયાં લાગુ પડયો :-**

ભારત દેશના કુલ ૨૦૦ જિલ્લામાં આ કાયદો પ્રથમ તબક્કામાં લાગુ પડેલ છે. ત્યાર બાદ બાકીના જિલ્લામાં તબક્કાવાર કાયદો લાગુ પડશે. આપણાં ગુજરાત રાજયમાં કુલ ૬ જિલ્લામાં આ કાયદો લાગુ પડેલ છે.

**ગુજરાતના જિલ્લા :-**

| | | |
|---|---|---|
| ૧. ડાંગ | ૩. પંચમહાલ | ૫. સાબરકાંઠા |
| ૨. નર્મદા | ૪. દાહોદ | ૬. બનાસકાંઠા |

**વિકલ્પ**

એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશનની પાસે, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧.

આ કાયદો ૨ ફેબ્રુઆરી ૨૦૦૬થી લાગુ કરેલ છે. આ કાયદા પ્રમાણે ૧ એપ્રિલથી ૩૧મી માર્ચ ૧ વર્ષ ગણાશે. તેની વચ્ચેના ગમે તે ૧૦૦ દિવસ કામ મળશે.

## આ કાયદાથી રોજગારી કોને મળે?

શિક્ષણની જરૂર નથી. શારીરીક કામ કરવાની સક્ષમતા ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછી ૧૮ વર્ષની ઉમંર ધરાવતી વ્યક્તિને, એક કુટુબમાંથી કોઈ પણ વ્યક્તિને એટલે કે સ્ત્રી, પુરુષને કામ મળી શકે.

## કુટુંબ એટલે શું?

કુટુંબ એટલે કે પતિ, પત્ની અને બાળકો હોય અથવા બાળક ના હોય પરતું તે કુટુંબ ગણાય અને એમાંથી એક વ્યકિતને રોજગારી મળી શકે છે. રેશન કાર્ડમાં ગમે તે રીતે કુટુંબ બતાવ્યું હોય અથવા બધાનું નામ એક જ રેશનકાર્ડમાં હોય કે રેશનકાર્ડ જ ન હોય તોપણ ઉપર પ્રમાણે કુટુંબની ગણતરી કરવી. એ.પી.એલ. અને બી.પી.એલ. રેશનકાર્ડને આ કાયદા સાથે કોઈ જ સંબંધ નથી. એટલે કે દરેક ગ્રામીણ કુટુંબ આ કાયદા હેઠળ રોજગારી મેળવવા હક્કદાર છે.

## મજુરોને કામ મેળવવા આપેલ અધિકાર

જે તે તમારી ગ્રામપંચાયતની કચેરીનો સંપર્ક કરી કામ કરવા માગતા ગ્રામિણ મજુરોનું રજીસ્ટરમાં નોધણી કરાવવી અને રોજગારી કાર્ડ મેળવી લેવાનો હક્ક છે.

રોજગારી માટેની તમે માંગણી કરી અને ૧૫ દિવસમાં રોજગારી ના મળે તો બેરોજગાર ભથ્થુ મેળવવાનો અધિકાર આપેલ છે.

આપણા ગામથી ૫ કિ.મી.ની અંદરમાં કામ મળવું જોઈએ અને ૫ કિ.મી.ની અંદર કામ ના મળે તો આવવા જવાનું ભાડુ મેળવવાનો અધિકાર છે અથવા રોજગારીમાં ૧૦ ટકા વધારો કરવો જેથી વાહતુક વિગેરે આવી જાય.

કામની મજુરી ના પૈસાની ચૂકવણી અઠવાડીયામાં થવી જોઈએ. મોડામાં મોડુ ૧૫ દિવસમાં વૃધ્ધ મહિલા - પુરુષને રહેઠાણ નજીક કામ મળવુ જોઈએ.

## અરજી ક્યાં કરવી ?

તમારી ગ્રામ પંચાયતની કચેરીમાં રોજગારી મેળવવા અરજી કરવાની રહેશે. અરજી સાદા કાગળ પર તમારૂ  નામ, ઉમર, જાતિ લખી મોકલવું. જો લેખિત અરજી ના આપવી હોયતો રૂબરૂ ગ્રામપંચાયત કચેરીનો સંપર્ક કરી મૌખિક રજુઆત દ્વારા પણ નામ નોધણીં કરી શકાય છે.

## રોજગાર કાર્ડ (જોબકાર્ડ)

ગ્રામ પંચાયતમાં નોધણી થયેલ કુટુંબના પુખ્તવયનાં સભ્યોએ અરજી કરી હોય તેને ફોટો પડાવી આપવો તેમજ ફોટોગ્રાફસને લેમીનેટેડ કરેલ જોબકાર્ડ અઠવાડિયામાં મેળવી આપવાની જવાબદારી ગ્રામપંચાયતની રહેશે. રોજગાર કાર્ડની એક નકલ ગ્રામપંચાયતની કચેરીએ રાખવાની રહેશે. જોબકાર્ડની મુદત પાંચ વર્ષની રહેશે. આ કાયદા પ્રમાણે તેના નિયમોમાં કુટુંબના ફોટોગ્રાફીની કિંમત સરકારે રૂા. ૧૦/- નક્કી કરેલ છે.

## જોબકાર્ડ ધરાવનાર મુત્યુ પામે તો શું કરવું?

જોબકાર્ડ રોજગારી કાર્ડ ધરાવનાર વ્યકિત પાંચ વર્ષની અંદર મુત્યુ પામે તો ગ્રામપંચાયતને લેખિતમાં અરજી કરવી અને તેમની જગ્યા પર તેજ કુટુંબની બીજી કોઈપણ વ્યકિત પુખ્તવયની હોય તેને જોબકાર્ડ મળી શકે અને રોજગારી મળી શકશે. પરતું આ કામની મંજુરી ગ્રામસભામાં થશે અને ગ્રામસભા મંજુરી આપી જિલ્લા પ્રોગામ કાં.ઓડિનેટરને મોકલશે.

## રોજગારી કાર્ડ (જોબકાર્ડ) ખોવાય જાયતો શું કરવું?

રોજગારી કાર્ડ ખોવાય જાયતો તે કાર્ડ તમને ડુપ્લીકેટ મળી શકે છે. તેના માટે ગ્રામપંચાયતને અરજી કરવી અને ગ્રામપંચાયત નવી અરજીની જેમ કાર્યવાહી કરી તમને ડુપ્લીકેટ રોજગારી કાર્ડ આપશે.

## રોજગારી પુરી પાડવાની જાણકારી કોણ આપશે.

રોજગારીની અરજી કર્યાની દિન-૭માં જાણ કરવાની જવાબદારી ગ્રામપંચાયતની છે. તે જે તે વ્યકિતનાં સરનામે લેખિત જાણ કરવી. અથવા ગ્રામપંચાયતની કચેરીએ નોટીસ બોર્ડ પર નામ મુકવું અથવા તાલુકા પંચાયત કચેરીનાં નોટીસ બોર્ડ પર અથવા પ્રોગ્રામ ઓફિસરની કચેરીએ નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ થયેલ હોવું જોઈએ.

### સળંગ મજુરી કેટલા દિવસની મળશે ?

- સળંગ મજુરી ઓછામાં ઓછા ૧૪ દિવસ સુધી મળશે. પછી શું ? આમ વર્ષમાં - ૧૦૦ દિવસ મજુરી પુરી કરવાની રહશે.
- હિત ધરાવનાર વ્યકિતને યોગ્ય લાગે તે સમયે કામની માંગણી કરી શકશે.
- એક દિવસની મજુરી ૬૦ રૂા. લેખે મળશે.
- કામ ન આપવામાં આવે તો બેરોજગાર ભથ્થુ મેળવવાનો અધિકાર રહેશે.
- ત્રણ માસની અંદર બેરોજગાર ભથ્થુ મળવું જોઈએ.
- રોજગારી કેમ આપવામાં આવી નથી તેનું કારણ પ્રોગ્રામ ઓફિસરે લખી જિલ્લા પ્રોગ્રામ કો.ઓડિનેટરને જાણ કરવાની રહેશે.
- ગ્રામપંચાયતે ભલામણ વિગતો જાણી રોજગારી ભથ્થુ ચુકવવાનું રહશે.

### ફરિયાદ કયાં કરવી?

ગ્રામપંચાયત કચેરી અથવા ડિસ્ટ્રીક પ્રોગ્રામ કો.ઓડિનેટરની કચેરી ખાતે અલગથી ફરિયાદ પેટી હોવી જોઈએ અને ત્યાં ફિયાદ પેટીમાં કોઈપણ ફરિયાદ લખી નાખવી અને ત્યાં જે તે અધિકારીએ ફરિયાદ રજિસ્ટરમાં નોધવું અને નિકાલ આપવાનો રહેશે.

### કામના સ્થળે કઈ-કઈ સવલતો મળશે ?

- યોજના હેઠળ હાથ ધરાતા કામોમાં અમલીકરણ એજન્સીએ કામના સ્થળે પ્રાથમિક મેડિકલ સારવારનાં સાધનો રાખવા જોઈએ
- શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા હોવી જોઈએ
- ૩ વર્ષથી નીચેના પાંચ બાળકો હોય તો ઘોડીયા ઘર સાથે છાંયડાની સુવિધા પુરી પાડવાની જવાબદારી.
- જે વ્યકિત બાળકોની સંભાળ રાખે તેને રોજમદાર ગણવાનો રહશે એટલે તેને પણ ૬૦ રૂા. લેખે મજુરીના પૈસા મળે.
- સવલતો પુરી પાડવામાં બજેટમાં ૧ ટકા ફંડની જોગવાઈ કરેલ છે.

## કામ પર અકસ્માત અન્વયે મળવાપાત્ર રાહત

- કામના સમયે કોઈક કારણસર અકસ્માત નડે તો વિના મૂલ્યો સારવાર પુરી પાડવી
- જો વધારે ઈજા થાય તો દવાખાનામાં દાખલ કરવાની, દવા-સારવાર વિગેરે ખર્ચની જવાબદારી રાજય સરકારની રહશે અને સારવાર દરમ્યાન જેટલા દિવસ સારવાર થાય તેટલા દિવસની એક દિવસના ૩૦ રૂા. લેખે તમામ દિવસોનો પગાર ચુકવવાનો રહશે.
- કામ દરમ્યાન અકસ્માતે મૃત્યુ થાય તો વારસદારને રૂા. ૨૫૦૦૦/- વળતર પેટે મળે.
- શ્રમિકો કામ દરમ્યાન તેના બાળકોને સાથે લઈ ગયા હોય અને ત્યાં કામ દરમ્યાન બાળકોને અકસ્માત ઈજા થાયતો વિના મુલ્યે સારવાર પુરી પાડવાની રહશે.
- કાયમી અપંગતાના કિસ્સામાં રાજય સરકાર નકકી કરે તે રકમ મળવાપાત્ર છે.

## સામાજિક ઓડિટ માટેનું માળખુ

આ યોજના હેઠળ સદરહું કામની પ્રગતિ અને ગુણવત્તાની દેખરેખ માટે જે ગામમાં કામ ચાલું હોય તે ગામની કુલ ૫ થી ૯ વ્યકિતની કમિટી બનશે. અને આ કમિટીની રચના ગ્રામસભામાં થશે. આ નવ વ્યકિતમાં કમિટીમાંથી એક વ્યકિત અધ્યક્ષ બનશે. આ સમિતીમાં સભ્યો તરીકે સ્ત્રી, પુરુષ રહશે. અને સામાજીક કાર્યકરો નિવૃત મુલકી, સંરક્ષણ અધિકારી, મુખ્ય શિક્ષકો (અનુજાતિ/અનુ.જન જાતિ) લોકોમાંથી બની શકશે. આ કમિટી કામની ગુણવત્તાની દેખરેખ કરશે. અને અમલીકરણ એજન્સી એ કામની તમામ માહિતી કમિટીને આપવાની રહશે. અને કામ પુરૂ થયાનું પ્રમાણપત્ર આ કમિટી આપશે. અને તે ગ્રામસભામાં રજુ કરી મંજુર કરી તાલુકા પ્રોગ્રામ ઓફિસરને મોકલી આપવું પડશે અને તાલુકા પ્રોગ્રામ ઓફિસર તે જિલ્લા કો. ઓડિનેટરને મોકલશે.

## આ કાયદા હેઠળ ગામમાં કયા કયા કામો કરી શકાય ?

(આના કરતાં વધારે પણ લોકો વિચારી શકે)

### સામૂહિક કામો

રસ્તા બનાવવા - (સી.સી. રોડ, પાકો ડામર રોડ, મેટેલીંગ રસ્તો, મોરમ રસ્તો, માટી રસ્તો) આંગણવાડી મકાન બાંધકામ, દવાખાનાનું મકાન બંધકામ, નિશાળના ઓરડાનું બાંધકામ, પશુ ચિકિત્સા મકાન બાંધકામ, પંચાયત મકાન બાંધકામ, કમ્યુનિટી હોલ મકાન બાંધકામ, પુસ્તકાલયનું મકાન બાંધકામ, આંગણવાડી રીપેર, દવાખાનું રીપેર, નિશાળ ઓરડા રીપેર, પશુચિકીત્સા રીપેર, પંચાયત મકાન રીપેર, કમ્યુનીટી હોલ રીપેર, પુસ્તકાલયનું મકાન રીપેર, મધ્યાહન ભોજન સેડ રીપેર કરવો, ખેત તલાવડી, જમીન લેવેલીંગ, જમીનની ફેરબદલી, પાળા બનાવવા, ચેકડેમ બનાવવા, પાણી અટકાવવા પાળા બાંધવા, ગોચર જમીનમાં ઘાસ કાપવું, ગોચર જમીનમાંથી ઝાડ કાપવા, ગામમાં સફાઈ કરવી, કોઝ-વે બનાવવો, પુલ બનાવવું, પાઈપલાઈન કરવી, પાણીની ટાંકી બનાવવી, ગટર ખોદવી, ગટર બાંધકામ કરવું, પાણીના હવાડા, નર્સરી બનાવવી, વૃક્ષો રોપવા, વૃક્ષો રોપવા ખાડા ખોદવા, ટ્રેન્ચો ખોદવી, કૃપ પાડવો, ઘાસ કાપવું, સ્કુલનું કંપાઉન્ડ બનાવવું, મધ્યાહન ભોજન સેડ બનાવવાં, કુવા બનાવવા (પીવાના કુવા) ,પાતાળ કુવા બનાવવા, હેંન્ડ પંપ બનાવવા, સામુહિક સિંચાઈ યોજના, લીફ્ટ ઈરિગેશન યોજના, ગામનું મંદિર બનાવવું, ધર્મશાળા બનાવવી, મત્સ્યોદ્યોગ માટે, નહેર બાંધવી, પંચાયતનો હિસાબ રાખનાર, પંચાયતનો કોટ બાંધવો, વૃદ્ધા આશ્રમ બનાવવું, નારી કેન્દ્ર બનાવવું, સ્મશાન ઘર રીપેર કરવું, નવા તળાવ બાંધવા, જુના તળાવ રીપેર કરવા, દુધ ઘર બનાવવું, દુધ ઘર રીપેર કરવું.

### વ્યકિતગત કામો

દ્રાપણનું કામ, પંચાયત ઘરની દેખરેખ, સફાઈ, પાણીની ટાંકી દેખરેખ, સફાઈ, સંડાસ, બાથરૂમ બનાવવું, ગોબર ગેસ, ખાતરના ખાડા, અળસીયા ખાતર બનાવવું, દવાખાનાની દેખરેખ સફાઈ, પુસ્તકાલયની દેખરેખ-સફાય, ગામનું જંગલ નર્સરી દેખરેખ, ગૌચર જમીનની દેખરેખ, હેન્ડપંપ તાલીમ, આરોગ્ય તાલીમ, પ્રૌઢશિક્ષણ ચલાવવું, પુસ્તકાલય ચલાવવું, સાક્ષરતા અભિયાન ચલાવવા, દાયણની તાલીમ, સિવણ તાલીમ, ભરતકામ તાલીમ, ધર્મશાળામાં દેખરેખ, ઈન્દીરા આવાસ, સરદાર આવાસ, આંગણવાડી ચલાવવી, મરઘા ઉછેર કેન્દ્ર, મચ્છી ઉછેર કેન્દ્ર.

# બાંહેધરી યોજના હેઠળ નામ નોંધાવવાનું અરજી ફોર્મ

ફોટો લગાડવો

અરજદારનું પુરુ નામ : ...............................
(પ્રથમ અટક, પિતા/પતિનું નામ )

ઉંમર : (વર્ષ) ........... જાતિ : (પુરૂષ/સ્ત્રી)...............

ગ્રામપંચાયત ઘર નોધણી નંબર : ..........................

ગામનું નામ : ....................... તાલુકો : ..................................

ગ્રામપંચાયત : ..........................................................................

અ.જા./અ.જ.જા./ઈન્દિરા આવાસ યોજના ગણોત ધારાના લાભાર્થી છે. કે કેમ ?

બેંક એકાઉન્ટ નંબર અને બેંક શાખાનું નામ ..........................................

(જો ઉપર મુજબ બેંક ખાતુ હોય તો રોજગારી નું વેતન બેંક ખાતામાં ચેકથી લેવા માંગો છો ?) હા......... ના..........

## રોજગાર વાચ્છુંક પુખ્તવયના સભ્યોની વિગત

| અ.ન. | નામ | પિતા/પતિનું નામ | સ્ત્રી/ પુરૂષ | કુટુંબના વડા સાથેનો સંબંધ | જન્મ તારીખ | નોધણીની તારીખ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

(સભ્યોની વિગતો બધી લખી ન શકાય તો ફોર્મની પાછળ વિગતો દર્શાવવી)

હું પ્રમાણીત કરૂ છું કે ઉપર આપેલી વિગતો સાચી છે. અને બીજી કોઈ જગ્યાએ નોંધણી માટે અરજી કરેલ નથી.

કુટુંબના વડાની સહી / અંગુઠાની છાપ...........................

| | |
|---|---|
| **જગ્યાનું નામ** | : જાત મહેનત જીંદાબાદ |
| **નોકરીની જગ્યા** | : દરેક કુટુંબમાંથી એક વ્યકિત (વારાફરતી પણ) |
| **નોકરીનો સમય ગાળો** | : એક વર્ષમાં ૧૦૦ દિવસ |
| **નોકરીનું સ્થળ** | : ગામમાં કે ગામની પાંચ કિલોમીટરના વિસ્તારમાં |
| **શૈક્ષણિક લાયકાત** | : ગામનો મતદાર |
| **વયમર્યાદા** | : ૧૮ વર્ષથી ઉપર |
| **અનુભવ** | : કોઈપણ શારિરીક શ્રમ કરવાની તૈયારી |
| **અનામત** | : બહેનો માટે ૫૦% |
| **પગાર ધોરણ** | : ૧ દિવસના ૬૦ રૂ. |
| **ઉપલબ્ધ જીલ્લા** | : ડાંગ, નર્મદા, દાહોદ, પંચમહાલ, સાંબરકાંઠા, બનાસકાંઠા |
| **અરજી કરવાનું સ્થળ** | : ગ્રામપંચાયતની ઓફિસ |
| **નોકરીનો ઓર્ડર** | : અરજી કર્યાથી ૧૫ દિવસમાં |
| **દંડ** | : ઓર્ડર ના મળે તો બેરોજગારી ભથ્થુ રૂ. ૨૦ |
| **પગારની ચૂકવણી** | : લોકો સમક્ષ ૧ મહિનામાં |
| **શરત** | : નોકરી વાર્ષિક, દર ૫ વર્ષે રિન્યું |
| **બઢતીની તકો** | : જાગૃત બનવું-લોકોને જાગૃત કરવા |
| **બીજી સુવિધા** | : પીવાનું સ્વચ્છ પાણી, આકસ્મિક સારવાર, બાળકોની સારસંભાળ, સ્વાસ્થય/માતૃત્વ સુરક્ષા |
| **વિમો** | : કામના સમયે દુર્ઘટના-મુત્યુ પર વળતર |
| **પેન્શન** | : ૫% સુધી |
| **બોનસ** | : બધા જ સરકારી રેકોર્ડ, દસ્તાવેજો જોવા, ચકાસણી કરવાનો હકક |
| **ફરિયાદ** | : ગ્રામપંચાયત કે બ્લોક અધિકારી |
| **સલાહ-માગદર્શન** | : ગ્રામીણ મજદુર સભા જિલ્લા એકમ |